# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-03-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં ખેતીને નુકસાન :

જિલ્લામાં વરસેલા કમોસમી વરસાદ અને તોફાની પવનના કારણે ખેતીના પાકોને વ્યાપક નુકસાન થયું છે. ભારે પવન અને ધૂળની ડમરીઓ સાથે આવેલા વરસાદથી ખાસ કરીને ઘઉં, જીરું, ઈસબગુલ, એરંડા અને રાયડો જેવા રોકડિયા પાકોને મોટો ફટકો પડ્યો છે. આ ઉપરાંત કેરી, તરબૂચ અને સક્કરટેટી જેવા બાગાયતી પાકોને પણ નુકસાન થવાની ભીતિ છે. લખપત તાલુકાના નરા, પંજાબીવાંઢ અને સમેજાવાંઢ વિસ્તારમાં ફૂંકાયેલા તોફાની પવનના કારણે ખેતીને નુકસાન થયું છે. આ પંથકમાં આશરે ત્રણ હજાર એકરમાં વાવેલા રાયડાના પાક પૈકી એક હજાર એકર પાક જમીનદોસ્ત થયો છે, જ્યારે ૩૫૦ એકર ઘઉંનો પાક અને ખારેક સહિતના બાગાયતી વૃક્ષો ધરાશાયી થયા હોવાનું સ્થાનિક ખેડૂતોએ જણાવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## અંજારમાં સેવાસેતુ કાર્યક્રમ :

અંજાર તાલુકાના મોડસર ગામે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકાર નાગરિકોને ઘર આંગણે પારદર્શી વહીવટ આપવા કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં આઈસીડીએસ, પીજીવીસીએલ, ઈ-ધારા અને સમાજસુરક્ષા સહિતના વિવિધ વિભાગોની સેવાઓનો ગ્રામજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.પ્રસંગોચિત ઉદબોધન બાદ મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને કીટ અને સહાય પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## રાજ્યકક્ષાના મંત્રીની કોટેશ્વર મુલાકત :

કોટેશ્વર ખાતે આજરોજ રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલે બીએસએફના જવાનોની શુભેચ્છા મુલાકાત લઈનેતેમના ખબર અંતર પૂછ્યા હતા. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ દેશની સુરક્ષામાં ખડેપગે ફરજ બજાવતા જવાનોને પ્રોત્સાહિત કરતા કોઈપણ ખૂટતી સુવિધાની જરૂરિયાત હોય તેને પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

---

## રાપર નગરપાલિકાનું અંદાજપત્ર :

રાપર નગરપાલિકાની સામાન્ય સભામાં આગામી નાણાકીય વર્ષ 2026-27 માટે રૂપિયા 35 લાખની પુરાંત ધરાવતું રૂપયા 41 કરોડનું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. આ બજેટમાં આધુનિક ટાઉનહોલ અને મોડેલ ફાયર ફાઇટર સ્ટેશનના નિર્માણ જેવા મહત્વના પ્રકલ્પો પર ભાર મૂકવામાં આવ્યો છે. તદ્ઉપરાંત, જર્જરિત પુસ્તકાલયનું સ્થળાંતર કરવા અને કચેરીમાં સોલાર સિસ્ટમ સ્થાપિત કરવા જેવી બાબતો પરચર્ચા કરી મંજૂરી અપાઈ હતી. સભામાં ગત ત્રિમાસિક હિસાબો રજૂ કરાયા હતા, જેને ઉપસ્થિત શાસક અને વિપક્ષના તમામ 24 સદસ્યોએ બહાલી આપી હતી

---

## પદ્મશ્રી ટપાલ ટીકીટ :

કચ્છ ટપાલ વિભાગ દ્વારા પવનકુમાર દાલમિયા, પોસ્ટ માસ્ટર જનરલ, રાજકોટ રિજિયનનાં માર્ગદર્શન અનુસાર નિરોણાગામના પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અને હસ્તકલાના જાણીતા કસબી અબ્દુલ ગફુર ખત્રીને સન્માનરૂપે ટપાલ વિભાગની `માય સ્ટેમ્પ' યોજના હેઠળ તેમના ફોટોગ્રાફ સાથેની વ્યક્તિગત ટપાલ ટિકિટ તૈયાર કરી તેમને અર્પણ કરવામાં આવી હતી.

---

## ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી:

જિલ્લામાં આવતીકાલે ઈદ-ઉલ-ફિત્રનો પવિત્ર તહેવાર પરંપરાગત આસ્થા સાથે ઉજવવામાં આવશે. ભુજ શહેરની વિવિધ મસ્જિદો અને ઈદગાહોમાં સવારથી જ ઈદની નમાજ પઢવા માટે અલગ-અલગ સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. જિલ્લામાં વિવિધ સ્થળોએ સવારે જુલૂસ બાદ ઈદગાહ ખાતે નમાજ અદા કરવામાં આવશે. આ પર્વ દરમિયાન વિવિધ સેવાકીય અને સામાજીક સંસ્થાઓ દ્વારા સેવાકાર્યો કરવામાં આવશે.

---

## ચેટીચાંદ પર્વની ઉજવણી :

આજે ચેટીચાંદ પર્વની શ્રદ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. આજે સિંધી સમાજ તેના નૂતન વર્ષ સિંધ્યાતનની ઉજવણી કરે છે. સિંધી સમાજના ઇષ્ટદેવ ઝૂલેલાલજીની 853મી જન્મજયંતિની સિંધી સમાજની વસ્તી ધરાવતાં ગાંધીધામ, આદિપુર સંકુલમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થઇ રહી છે. ગાંધીધામમાં બહિરાણા સાહેબની પવીત્ર જ્યોત પ્રગટાવીને ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આદિપુરમાં સવારે ઝુલેલાલ મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી શરૂ થઇ હતી. સિંધી સમાજ સાથે લોહાણા સમાજ દ્વારા તેમના ઇષ્ટદેવ દરિયા લાલજયંતિની પરંપરાગત રીતે ઉજવણી થઇ રહી છે. ભુજ, અંજાર, ભચાઉ રાપર, માંડવી,મુન્દ્રા વગેરે શહેરો અને ગામોમાં દરિયાદેવનું પૂજન આરતી અને શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

---

## વીજ ફીડરો પૂર્વવત કરાયા :

ગત રોજ ભારે પવનના કારણે પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં કુલ 120થી વધુ વીજ ફીડરોમાં ક્ષતિ સર્જાઇ હતી. જેના લીધે અનેક ગામો અને શેરી વિસ્તોરમાં વીજ પુરવઠો ઠપ થઇ ગયો હતો. વાવાઝોડાના કારણે અંદાજે 84 જેટલા વીજ થાંભલાઓ જમીનદોસ્ત થયા હતા

જ્યારે બે ટ્રાન્સફોર્મરને નુકસાન પહોંચ્યું હતું. પીજીવીસીએલ તંત્રની વિવિધ ટીમો દ્વારા તાત્કાલિક મરામત્તની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગત રાત સુધીમાં મોટા ભાગના વિસ્તારોમાં વીજ લાઇનોનું સમારકામ પૂર્ણ કરી દેવામાં આવ્યુ હતું અને જે વિસ્તારોમાં બાકી હતું ત્યાં આજે વહેલી સવાર સુધીમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે.

---

## વિશ્વ ચકલી દિવસની ઉજવણી :

કચ્છમાં આજે 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે પ્રકૃતિપ્રેમીઓ અને વિવિધ સંસ્થાઓ દ્વારા ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વધતા જતા શહેરીકરણ અને પ્રદૂષણને કારણે લુપ્ત થઈ રહેલી ચકલીઓને બચાવવા માટે જિલ્લાભરમાં જનજાગૃતિના અનેક કાર્યક્રમો યોજાયા હતા.ભુજ, અંજાર અને ગાંધીધામ જેવા શહેરોમાં પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વિનામૂલ્યે ચકલીના માળા અનેપાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---